પવિત્ર રમઝાન માસની, ઈદની ખરીદી કરવા માટે અમારા શો-રૂમની અવશ્ય મુલાકાત લો...
Hurry Up! SUPER RATE
» શુટ-શેરવાનીનું ફેન્સી ફેબ્રિક્સ મળશે
» રેડીમેઈડ શેરવાની શૂટ, કુર્તા, સલવાર તેમજ ડિઝાઈનર પઠાની મળશે.
» બ્રાઈડલ લેહાં અને ગાઉન મળશે.
SINGAPURI® FASHION
Fabric, Ethnic, Bridal
''શહેરનાં હાર્ટ વિસ્તારમાં ફેશનની આકર્ષક સ્ટાઈલ્સ''
Opp. Wedding Showroom, Near Lalgate, Surat
+91-98252 33451
+91-98253 77767

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

Ramzan Special
La Cream
KULFI
BUY 2 GET 1 FREE
ZAMPA BAZAR, NEAR MOHAMMEDI BAKERY
98259 49487

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ફાગણ પુનમ, શુક્રવાર ૧૪ માર્ચ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૧૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

ભાષા વિવાદ: તમિલનાડુ સરકારે રૂપિયાનું પ્રતિક બદલીને તમિલ અક્ષરમાં કર્યું

આજે રજૂ થનારા રાજ્યના બજેટના દસ્તાવેજ પર રૂપિયાનો દેવનાગરી લિપિનો માન્ય સિમ્બોલ બદલીને તમિલ લિપિનો સિમ્બોલ મૂક્યો

સ્ટાલિન સરકારના આ પગલાથી ભારે રાજકીય વિવાદ: ભાજપે સ્ટાલિન સરકાર પર આકરા પ્રહારો કર્યા, ડીએમકેએ કહ્યું કે આ રીતે પ્રતિક જુદી લખવાની કોઇ કાયદામાં મનાઇ નથી, અન્નાદ્રમુકે આને લોકોનું ધ્યાન બીજે દોરવાનો પ્રયાસ ગણાવ્યો

ચેન્નાઇ, તા. 13 (PTI): કેન્દ્ર સાથે ભાષાનો સંઘર્ષ વધુ ઉગ્ર બનાવતા તમિલનાડુ સરકારે તેના ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂપિયા માટેનો દેવનાગરી લિપિનો સિમ્બોલ બદલીને તેને સ્થાને તમિલ ભાષાની લિપિ વડે બનાવાયેલો સિમ્બોલ મૂક્યો હતો. આ અભૂતપૂર્વ પગલું નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળની ત્રિભાષી ફોર્મ્યુલા સામેના તેમના મક્કમ અભિગમનો સંકેત આપે છે.

...અનુસંધાન પાના 15 પર

રૂપિયાના પ્રતિકના રચયિતાનો વિવાદમાં ખેંચાવાનો ઇન્કાર

ગુવાહાટી. તમિલનાડુ સરકારે રાજ્યના બજેટ માટે રૂપિયાનો નવો લોગો જારી કર્યો તેના કલાકો પછી આઇઆઇટી ગુવાહાટીના પ્રોફેસર ડી. ઉદય કુમાર, કે જેમણે ભારતીય રૂપિયાના સિમ્બોલની ડિઝાઇન તૈયાર કરી હતી તેમણે આ વિવાદમાં ખેંચાવાનો ઇન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે તે ફક્ત યોગાનુયોગ છે કે મારા પિતા ડીએમકેના ધારાસભ્ય હતા. મારો કોઇ પ્રતિભાવ નથી. સરકારને બદલવાની જરૂર લાગી અને તેઓ પોતાની સ્ક્રિપ્ટ લખવા માગતા હતા. આ રાજ્ય

...અનુસંધાન પાના 15 પર

રૂપિયાનો લોગો તૈયાર કરનાર તમિલ વ્યક્તિ જ છે

ચેન્નાઇ, તા. ૧૩: તમિલનાડુના બજેટ દસતાવેજ પર ડીએમકે સરકારે રૂપિયાના દેવનાગરી લિપિના માન્ય સિમ્બોલના સ્થાને તમિલ લિપિમાં તૈયાર કરાયેલ સિમ્બોલ મૂક્યો છે. આનાથી ભારે વિવાદ થયો છે. જેને રૂપિયાના માન્ય પ્રતિક તરીકે સ્વીકારવામાં આવ્યું છે તે તમિલનાડુના જ વતની અને આઇઆઇટી બોમ્બેના સ્નાતક એવા ઉદય કુમારે તૈયાર કર્યું છે. આ પ્રતિક હવે રૂપિયાની નોટો પર પણ આવે છે. તમિલનાડુ માટે આ ગર્વ લેવા જેવી બાબત છે એમ કહેતા ભાજપ જેવા તમિલનાડુના વિપક્ષો મુખ્યમંત્રી સ્ટાલિનના આ પગલાને તમિલનાડુનુ અપમાન ગણાવે છે. વળી, વધુ વક્તા એ છે કે ઉદયકુમારના પિતા ધર્મલિંગમ સ્ટાલિનના જ પક્ષ ડીએમકેના ભૂતપૂર્વ

...અનુસંધાન પાના 15 પર

આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે હોલિકાદહન

■ આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે હોલિકા દહન. ફાગણ સુદ પૂનમના દીને મોડી સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. સુરતના પૂણા ગામ વિસ્તારમાં મોડી સાંજે હોળી પ્રગટાવવામાં આવી હતી. આ ઉપરાંત સુરત શહેરના તમામ વિસ્તારોમાં આસ્થાપૂર્વક હોળી પ્રગટાવી તેની પૂજા કરવામાં આવી હતી. સૌભાગ્યવતિ મહિલાઓએ હોળી પ્રજ્વલિત થયા પછી તેની પ્રદક્ષિણા કરી હતી અને ત્યારબાદ તેને નારિયેળ અર્પણ કર્યું હતું. (તસવીર : સતીષ જાદવ)

ગુજરાતમિત્ર

અંક બંધ

આજે ધૂળેટીના પર્વ નિમિત્તે 'ગુજરાતમિત્ર' કાર્યાલયમાં રજા રહેશે, તેથી આવતીકાલ તા. ૧૫-૩-૨૦૨૫નો અંક બહાર પડશે નહીં. જેની નોંધ લેવા સૌ વાચક મિત્રોને વિનંતી.

-- વ્યવસ્થાપક

ન્યાયાધીશ નાગરત્નાએ કાલિદાસનું 'અભિજ્ઞાનશકુંતલમ' યાદ કર્યું

ગોવાના પણજીમાં નાગરિક સંસ્થા દ્વારા કાઢી મૂકવામાં આવેલા માંસ વિક્રેતાઓના પુનર્વસન માટેની એક અરજીની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશ બી.વી. નાગરત્નાના અધ્યક્ષપદે સુપ્રીમ કોર્ટની બેન્ચ તાજેતરમાં માંસ વિક્રેતાઓ, એક દુકાન માલિક જે કોઇ સહયોગી વ્યવસાય કરતો હોવાનો દાવો કરતો હતો (પરંતુ માંસ વિક્રેતાઓએ દાવો કર્યો હતો કે તે ઝવેરી છે) અને મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલો વચ્ચે ઉગ્ર દલીલો વચ્ચે જોવા મળી. ન્યાયાધીશ નાગરત્નાએ પછી યાદ કર્યું કે, કાલિદાસ દ્વારા લખાયેલ મહાકાવ્ય 'અભિજ્ઞાનશકુંતલમ'માં શકુંતલા તેની સોનાની વીંટી પાછી મેળવી શકી હતી. જેનો શ્રેય એ માછીમારને જાય છે. જે માછીમારને માછીમારી કરતી વખતે તેની જાળમાં ફસાયેલી માછલી એ વીંટી ગળી ગઇ હતી. તેણીએ ઝડપથી નિર્દેશ કર્યો કે નાટકમાં તે એક માછલી વેચનાર હતો, માંસ વિક્રેતા નહીં. આવાં દૃશ્યો, ક્યારેક

...અનુસંધાન પાના 15 પર

દિલ્હીની એક હોટલમાં બ્રિટિશ મહિલાની છેડતી અને બળાત્કાર

જે હોટલમાં રોકાઇ હતી તેના એક કર્મચારીએ લિફ્ટમાં છેડતી કરી

હોટલના રૂમમાં મળવા આવેલા તેના ઇન્સ્ટાગ્રામ મિત્રએ જ રૂમમાં બળાત્કાર કર્યો

તપાસ માટે પોલીસે ખાસ ટીમ બનાવી, બંને આરોપીની ધરપકડ

નવી દિલ્હી, તા. 13 (PTI): દિલ્હીના મહિપાલપુર વિસ્તારમાં એક હોટલમાં એક બ્રિટિશ મહિલા સાથે બે પુરુષોએ કથિત રીતે છેડતી અને બળાત્કારના કૃત્યો કર્યા હતા એમ પોલીસે આજે જણાવ્યું હતું.

આ બ્રિટિશ મહિલા એક મહિના પહેલા ભારત આવી હતી અને કેટલોક સમય મહારાષ્ટ્ર રહી હતી અને ત્યાંથી ગોવા ગઇ હતી. મંગળવારે તે કથિત રીતે ૨૪ વર્ષના કૈલાસ નામના યુવાનને મળવા દિલ્હી આવી હતી જેની સાથે ઇન્સ્ટાગ્રામ પર તાજેતરમાં જ તેની મિત્રતા થઇ હતી. આ મહિલાએ મહિપાલપુરની એક હોટલમાં રૂમ બુક કરાવ્યો હતો. આ હોટલની લિફ્ટમાં હોટલના જ એક કર્મચારીએ તેની છેડતી કરી હતી. બાદમાં તેનો સોશ્યલ મીડિયા મિત્ર કૈલાસ તેને મળવા તેના રૂમ પર આવ્યો હતો અને તેના પર બળાત્કાર કર્યો હતો. આ મહિલા બાદમાં બુધવારે એક હોસ્પિટલમાં ગઇ હતી અને પોલીસને આ બનાવોની જાણ કરી હતી એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે આ મહિલા સાથે છેડતી અને બળાત્કારના બનાવો જુદા જુદા છે અને બંને બનાવોને એકબીજા સાથે કંઇ સંબંધ નથી. બંને આરોપીઓ વચ્ચે પણ કોઇ કડી જણાઇ નથી. બંને આરોપીઓ સામે જુદા જુદા કેસ દાખલ કરીને બંનેની ધરપકડ કરાઇ છે.

કૈલાસ અને આ બ્રિટિશ મહિલા એકાદ મહિનાથી એકબીજાના સંપર્કમાં હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે પૂર્વ દિલ્હીના રહેવાસી એવા કૈલાસને બરાબર અંગ્રેજી બોલતા આવડતું નથી અને તે આ મહિલા સાથે વાતચીત કરવા એક ટ્રાન્સલેશન એપનો ઉપયોગ કરતો હતો. જ્યારે આ મહિલા ભારત આવી ત્યારે તેણે અને કેલાસયે દિલ્હીમાં એકબીજાને મળવાનું નક્કી કર્યું હતું. પોલીસ આ હોટલના સીસીટીવી ફૂટેજ ચેક કરી રહી છે. પોલીસે એક એસીપીના વડપણ હેઠળ આ કેસની તપાસ કરવા એક ટીમની રચના કરી છે.

ઈસરોએ SpaDeX ઉપગ્રહોનું અવકાશમાં સફળ ડી-ડોકિંગ કર્યું

૧૬ જાન્યુઆરીએ બંને ઉપગ્રહોને અવકાશમાં એકબીજા સાથે જોડ્યા બાદ એકબીજાથી છૂટા પાડવાની પ્રક્રિયા પણ પાર પાડી

સમાનવ અવકાશયાત્રાઓ અને દેશનું પોતાનું અવકાશ મથક સ્થાપવા સહિતના કાર્યો માટે આ કુશળતા જરૂરી છે

નવી દિલ્હી, બેંગલુરુ, તા. 13 (PTI): ભારતીય અવકાશ સંસ્થા ઇસરોએ આજે જણાવ્યું હતું કે તેણે સ્પેડએક્સ સેટેલાઇટોની ડી-ડોકિંગની પ્રક્રિયા પુરી કરી છ અને આ સાથે જ ભવિષ્યના ચંદ્ર સંશોધનો, સમાનવ અવકારયાત્રાઓ અને પોતાનુ આગવુ અવકાશ મથક બાંધવા જેવા ભવિષ્યના મિશનો માટેનો માર્ગ મોકળો થયો છે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે આ ઉપગ્રહોના સફળ ડી-ડોકિંગની જાહેરાત સોશ્યલ મીડિયા મંચ એક્સ પર કરી હતી. ઇસરોની ટીમને અભિનંદન. અને દરેક ભારતીયને હૃદયપૂર્વકના અભિનંદન એ મુજબ તેમણે કહ્યું હતું. ગયા વર્ષે 30 ડિસેમ્બરના રોજ સ્પેડેક્સ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું જ્યારે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) એ અવકાશમાં ડોકિંગ પ્રયોગ દર્શાવવા માટે બે ઉપગ્રહો - SDX01 અને SDX02 - ને ભ્રમણકક્ષામાં મૂક્યા હતા.

ઘણા પ્રયાસો પછી, અવકાશ એજન્સીએ 16 જાન્યુઆરીના રોજ બંને ઉપગ્રહોને સફળતાપૂર્વક ડોક કર્યા હતા એટલે કે અવકાશમાં જ એક બીજા સાથે જોડ્યા હતા. સ્પેડેક્સ ઉપગ્રહો ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ સફળતાપૂર્વક ડોક કરવામાં આવ્યા હતા એટલે કે એકબીજા સાથે

...અનુસંધાન પાના 15 પર

૨૦૦૦ કરોડ રૂ.ના ક્લાસરૂમ કૌભાંડમાં સિસોદિયા, સત્યેન્દ્ર જૈન સામે FIR દાખલ કરવા રાષ્ટ્રપતિની મંજૂરી

આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ ઓર વધી શકે

સીવીસીએ ફેબ્રુઆરી, ૨૦૨૦માં વર્ગખંડોના બાંધકામમાં ગેરરીતિ તરફ નિર્દેશ કર્યો હતો પણ આપ સરકારે કોઇ પગલા ભર્યા નહીં હોવાનો આરોપ

નવી દિલ્હી: તા. 13: આમ આદમી પાર્ટીના બે દિગ્ગજ નેતાઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ વધવાની છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની મંજૂરી આપી દીધી છે. આ કેસ ૨૦૦૦ કરોડ રૂપિયાના કથિત ક્લાસરૂમ કૌભાંડ સાથે સંબંધિત છે. આ કૌભાંડ શાળાઓમાં વર્ગખંડોના બાંધકામમાં કથિત ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે. રાષ્ટ્રપતિની મંજૂરીથી આપ નેતાઓ પર તપાસનું દબાણ વધી શકે છે. આ મામલો અગાઉની અરવિંદ કેજરીવાલ સરકાર દ્વારા રાષ્ટ્રીય રાજધાનીની 193 સરકારી શાળાઓમાં 2,405 વર્ગખંડોના બાંધકામ સાથે સંબંધિત છે.

આ કિસ્સામાં સીવીસીએ 17 ફેબ્રુઆરી, 2020ના રોજના તેના અહેવાલમાં જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુ) દ્વારા દિલ્હીની વિવિધ સરકારી શાળાઓમાં વધારાના વર્ગખંડોના બાંધકામમાં ગેરરીતિ આચરાઈ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. સીવીસીએ ફેબ્રુઆરી 2020માં ડીઓવીને રિપોર્ટ મોકલ્યો હતો અને આ બાબતે તેમની ટિપ્પણીઓ માંગી હતી, પરંતુ આમ આદમી પાર્ટી (આપ) સરકારે અઢી વર્ષ સુધી આ બાબતે કોઈ કાર્યવાહી કરી નહીં.

આ વર્ષે ઓગસ્ટમાં લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ મુખ્ય સચિવને વિલંબની તપાસ કરવા અને આ સંદર્ભમાં એક રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. એપ્રિલ 2015માં તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હીની સરકારી શાળાઓમાં વધારાના વર્ગખંડો બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. પીડબ્લ્યુડીને 193 શાળાઓમાં 2405 વર્ગખંડોના બાંધકામનું કામ સોંપવામાં આવ્યું હતું. વર્ગખંડોની જરૂરિયાત જાણવા માટે પીડબ્લ્યુડીએ એક સર્વે હાથ ધર્યો. સર્વેક્ષણના આધારે, 194 શાળાઓમાં કુલ 7180 સમકક્ષ વર્ગખંડો (ઈસીઆર)ની જરૂરિયાતનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. આ 2405 વર્ગખંડોની

...અનુસંધાન પાના 15 પર

"ઉત્તર ભારતમાં એક મહિલા 10 પુરુષો સાથે લગ્ન કરી શકે છે"

ડીએમકે મંત્રીની ટિપ્પણીથી સીમાંકન વિવાદ વકર્યો

આ ટિપ્પણીને મહાભારતમાં દ્રૌપદીના પાંચ પાંડવો સાથેનાં લગ્નના સંદર્ભ તરીકે જોવામાં આવી રહી છે

ચેન્નાઈ, તા. 13. ગુરુવારે તમિલનાડુના વરિષ્ઠ મંત્રી દુરાઈ મુરુગને આરોપ લગાવ્યો હતો કે, ઉત્તર ભારતની સંસ્કૃતિમાં બહુવિધ જીવનસાથી હોવાનો સમાવેશ થાય છે અને ચેતવણી આપી હતી કે, તમિલનું અપમાન કરનારાઓની 'જીભ કાપી નાખવામાં આવશે'. આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ભાષા યુદ્ધ વચ્ચે પ્રસ્તાવિત સીમાંકન કવાયત તમિલનાડુ અને કેન્દ્ર વચ્ચે વધતી જતી દુશ્મનાવટમાં વધારો કરી રહી છે.

જાહેર સભાને સંબોધતાં મુરુગને, જે તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓ માટે જાણીતા છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે, તમિલ રીતિ-રિવાજોથી વિપરીત ઉત્તર ભારતીય પરંપરાઓ બહુપત્નીત્વ કે બહુપતિત્વ અને બહુસત્તાકશાહીને સમર્થન આપે છે.

મહાભારતની સમાનતા દર્શાવતાં મંત્રીએ આરોપ લગાવ્યો કે, ઉત્તર ભારતીય સંસ્કૃતિ 'એક સ્ત્રીને પાંચ કે દસ પુરુષો સાથે લગ્ન કરવાની મંજૂરી આપે છે'. આ ટિપ્પણીને મહાભારતમાં દ્રૌપદીના પાંચ પાંડવો સાથેનાં લગ્નના સંદર્ભ તરીકે જોવામાં આવી રહી છે.

ડીએમકેના સૌથી વરિષ્ઠ નેતા અને મંત્રી દુરાઈ મુરુગને તેમને ડુક્કર કહીને તેમનું અપમાન કર્યું છે. આ પ્રકારની અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે અને ડીએમકેના ઊંડા દ્વેષને ઉજાગર કરે છે.

મુરુગને કહ્યું, ''આપણી સંસ્કૃતિમાં એક પુરુષ એક સ્ત્રી સાથે લગ્ન કરે છે, પરંતુ ઉત્તર ભારતમાં એક સ્ત્રી પાંચ કે 10 પુરુષો સાથે લગ્ન કરી શકે છે. ઉપરાંત, પાંચ પુરુષો એક સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે. આ તેમની સંસ્કૃતિ છે. જો એક જશે તો બીજો આવશે.''

તા. ૧૩-૦૩-૨૦૨૫નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૯.૦° સે.	૨૩.૦° સે.	૨૧%